અપીલ અરજી નં.૬૪ તા.૬–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો. પંકજ જયંતીલાલ ગાંધી
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો. પંકજ જયંતીલાલ ગાંધીની તા.૬–૫–૧૧ ની અપીલ થી ઘર નં. ૩/૨૩૮૦ માં જે દુકાન ચાલતી આવેલ છે તેના વારંવાર અરજી કરવા છતાં ખાદ્ય પદાર્થ વેચવાનો પરવાનો ન હોવા છતાં અને આટલા વર્ષોથી ખાદ્યપદાર્થ વેચતા હોવા છતાં કોઈ નમુના લેવામાં આવેલ નથી તે અંગે પગલાં લેવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૬–૫–૧૧ ની **SMC/FAP/** નં.૬૪/૨૦૧૧–૧૨

ડો. પંકજ જયંતીલાલ ગાંધીની તા.૬–૫–૧૧ ની અપીલ થી ઘર નં. ૩/૨૩૮૦ માં જે દુકાન ચાલતી આવેલ છે તેના વારંવાર અરજી કરવા છતાં ખાદ્ય પદાર્થ વેચવાનો પરવાનો ન હોવા છતાં અને આટલા વર્ષોથી ખાદ્યપદાર્થ વેચતા હોવા છતાં કોઈ નમુના લેવામાં આવેલ નથી તે અંગે પગલાં લેવા બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારે મુળ અરજીથી કોઈ સ્પષ્ટ માહિતી માંગેલ છે કે કાર્યવાહીની રજૂઆત છે તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૪ તા. ૧૨–૫–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતિ, ફી ભર્યાની વિગત, જાહેર માહિતિ અધિકારીએ આપેલ કે નહીં આપેલ માહિતી તથા જો આપેલ હોય તો તે અંગે નારાજગીની વિગત સહ રજુ કરવા સાથે મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગત મળ્યેથી અપીલ અંગેની આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં જણાવવાનું કે આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. કાર્યવાહી હાથ ધરવાની બાબત કે તકરાર નિવારણની બાબત માટે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવી રહે તે પણ જાણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૨૦૧ તા.૧૯–૫–૧૧ થી પૂરક વિગતોમાં શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરી (એડવોકેટ) ની તા.૨૧–૩–૧૧ ની અરજી બાબતે પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૧૩૬ તા.૪–૫–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરીની તા.૨૮–૨–૧૧ ની આઈ ડી નં.૧૨૯૬–૯૭ તથા તા.૧૬–૩–૧૧ ની આઈ ડી નં.૧૩૬૩ ની મુળ અરજીની નકલો રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી ૨૦–૫–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં તા.૨૮–૨–૧૧ ના જાવક નં.પીએચડી/ફુડ/૫૬ તા.૧૫–૪–૧૧ થી શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરી (એડવોકેટ) ને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરી (એડવોકેટ) ની તા.૨૧–૩–૧૧ ની અરજી બાબતે પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૧૩૬ તા.૪–૫–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ તા.૨૧–૩–૧૧ ની તથા તા.૨૮–૨–૧૧ ની ફી ભર્યાની રસીદની નકલ રજૂ કરેલ છે. પરંતુ અરજદારે આરટીઆઈ સેલ/૨૦૪ તા.૧૨–૫–૧૧ ના પત્ર સંદર્ભે અરજદાર શ્રી પંકજ ગાંધીના નામે કરેલ મુળ અરજીની નકલ કે ફી ભર્યાની વિગતો રજૂ કરેલ નથી કે તેમની અરજીના સંદર્ભે તેમને મળેલી માહિતી કે તે અંગેની નારાજગી હોય તેવી કોઈ વિગતો રજૂ કરેલ નથી. વધુમાં અરજદારને અપીલ અરજીમાં પણ કઈ તારીખની અરજી સામે અપીલ અરજી કરવામાં આવેલ છે અને અપીલનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

અરજદારની તા.૬–૫–૧૧ની અપીલમાં જણાવેલ વિગતે બંને પક્ષકારો તરફથી અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૪ તા.૧૨–૫–૧૧ થી પૂરક વિગતો માંગતા અપીલમાં જણાવેલી વિગતે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલી મુળ અરજીઓ તા.૨૮–૨–૧૧ તથા તા.૧૬–૩–૧૧એડવોકેટ નેહા ચંદ્રકાંત સીંગાપુરીના નામે થયેલ છે જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં અપીલ કરનાર ડો. પંકજ જયંતિલાલ ગાંધી છે તેઓએ રજૂ કરેલ તા.૨૧–૩–૧૧ ની તથા તા.૨૮–૨–૧૧ ની રસીદ પણ નેહા ચંદ્રકાંત સીંગાપુરીના નામની છે પરંતુ અપીલકર્તા પંકજ જયંતિલાલ ગાંધીના નામે કોઈ મુળ અરજી કરી અરજી ફી ભરપાઈ થયેલ હોવાની વિગતો બંને પક્ષકાર પૈકી કોઈના તરફથી રજૂ થયેલ નથી. તેમ છતાં અપીલકર્તા તરફથી તા.૬–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલની વિગતે અરજદારની મુળ અરજી નથી જેમાં મુળ અરજદાર નેહા ચંદ્રકાંત સીંગાપુરી છે અને તેમની અરજીઓ સામે તેઓએ અપીલ અરજી કરેલ છે જે આરટીઆઈના કાયદા અને નિયમોની જોગવાઈ સાથે સુસંગત નથી જેથી અપીલ ગ્રાહય રાખવાનો પ્રશ્ન અસ્થાને છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૦૫–૨૦૧૧ ની અપીલમાં જણાવેલ વિગતે અપીલકર્તાના નામે કોઈ મુળ અરજી થયેલ ન હોઈ મુળ અરજીમાં અરજીકર્તા અને અપીલકર્તા અલગ હોઈ આરટીઆઈની કાયદા અને નિયમોની જોગવાઈ સાથે સુસંગત નથી. તેથી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

(જે. એમ.પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ,)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ડો. પંકજ જયંતીલાલ ગાંધી,